ICE®

MIND MAP

# ભારતની ભૂગોળ

MIND MAP 06

## ગંગાનદી તંત્ર

ગંગાનદી તંત્ર

- ઉદ્ગમ
- સહાયક નદીઓ
- પ્રયાગ
- બંધ (ડેમ)
- અંતિમ સ્થળ

- સાંસ્કૃતિક અને ધાર્મિક દષ્ટિએ પવિત્ર માનવામાં આવતી ગંગા નદી ભારતની સૌથી લાંબી નદી છે.

## ☆ ઉદ્‌ગમ સ્થળ

- ગંગા નદી ઉત્તરાખંડ રાજ્યના ઉત્તરકાશી જીલ્લામાં ગૌમુખ નજીક ગંગોત્રી હિમનદીમાંથી 3900 મીટરની ઊંચાઈ પરથી ઉદ્‌ભવે છે. જ્યાં તેને "ભાગીરથી" નામથી ઓળખવામાં આવે છે.

## ☆ સહાયક નદીઓ તથા પ્રયાગો

- 'દેવપ્રયાગ'માં ભાગીરથી 'અલકનંદાને' મળે છે. અને ત્યારબાદ બન્ને નદીઓનો સંયુક્ત પ્રવાહ "ગંગા નદી" તરીકે ઓળખાય છે.
- 'વિષ્ણુ પ્રયાગ'માં 'ધોળીગંગા' અને 'વિષ્ણુગંગા' નદીઓ મળી અલકનંદા બનાવે છે.
- અલકનંદાની સહાયક નદી 'નંદાકિની' છે જે તેને "નંદપ્રયાગ" પાસે મળે છે.
- અલકનંદાની અન્ય સહાયક નદી 'પીંડાર' કે જે તેને 'કર્ણપ્રયાગ' પાસે મળે છે.
- જ્યારે મંદાકીની (કાળીગંગા) તેને 'રુદ્રપ્રયાગ' પાસે મળે છે.
- પશ્ચિમબંગાળમાં ફરક્કા બરાજ પાસે ગંગાનદી બે ઉપશાખાઓ ભાગીરથી અને હુગલીમાં વિભાજીત થાય છે.
- ગંગાનદીને પ્રયાગરાજ (અલાહાબાદ) પાસે યમુના નદી મળે છે.
- રામગંગા, ગોમતી, ઘાઘરા (કરનાલી), ગંડક, કોસી, મહાનંદા, યમુના, તમસા, સોન અને પુનપુન વગેરે નદીઓ ગંગા નદીની સહાયક નદીઓ છે.

## ☆ બંધ (ડેમ)

- ગંગા નદી પર "ગોવિંદ વલ્લભ પંત સાગર" ડેમ આવેલ છે. આ ડેમ ઉત્તર પ્રદેશ રાજ્યના સોના જીલ્લામાં આવેલ છે.
- ભાગીરથી નદી પર 'ટેહરી ડેમ' આવેલો છે. જેની ઊંચાઈ 261 મીટર છે. જે ભારતનો સૌથી ઊંચો અને વિશ્વનો પાંચમા નંબરનો સૌથી ઊંચો બંધ છે.
- આ યોજના માટે રશિયા પાસેથી મદદ લેવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ બંધની **2400** મેગાવોટ વિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.
- ગંગા નદીના કિનારે હરિદ્વાર, કાનપુર, પ્રયાગરાજ, વારાણસી, પટના, મુંગેર અને મુર્શિદાબાદ જેવા મહત્ત્વપૂર્ણ શહેરો વસેલા છે.
- ગંગાનદીમાં ભારતનું રાષ્ટ્રીય જળચર પ્રાણી **"ડોલ્ફીન"** જોવા મળે છે. જે **સૂંસ** નામથી પણ ઓળખાય છે.
- ગંગાનદીની કુલ લંબાઈ **2525** કિ.મી. છે. જેમાં ઉત્તરાખંડમાં **110** કિ.મી., ઉત્તરપ્રદેશમાં **1450** કિ.મી., બિહારમાં **445** કિ.મી. અને પશ્ચિમ બંગાળમાં **520** કિ.મી. વહે છે.

### ☆ અંતિમ સ્થળ

- પશ્ચિમબંગાળ નજીક સાગરદ્વીપ પાસે બંગાળની ખાડીમાં ગંગાનદી વિસર્જિત થાય છે. અહિં તે **સુંદરવન મુખત્રિકોણ પ્રદેશ** (ડેલ્ટા)નું નિર્માણ કરે છે. જે **વિશ્વનો સૌથી મોટો મુખત્રિકોણ પ્રદેશ** છે.

ICE COMPETITIVE EXAMS ®


